For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### મનપાના એક્વેરિયમનું સ્ટ્રક્ચર માત્ર 11 વર્ષમાં જ ખખડી ગયું

# વેકેશન શરૂ થયું ને મનપાના એક્વેરિયમને તાળા લાગ્યા, ઈજારદારનો ભ્રષ્ટાચાર જવાબદાર

**સ્ટ્રક્ચર** 70 ટકા નબળું પડી જતાં રિપેરિંગ માટે બંધ કરવા નિર્ણય, નબળી ગુણવત્તા માટે તપાસ થશે કે ભીનું સંકેલાશે




સુરતઃ પિકનિકના સ્થળોની અછત ધરાવતા સુરતમાં નેચર પાર્ક અને એક્વેરિયમ સુરતવાસીઓ માટે રજાના દિવસોમાં હરવા-ફરવાના ફેવરિટ સ્થળો છે. ત્યારે હાલ વેકેશન પડવાની શરૂઆત થઈ છે. ત્યારે જ પાલ સ્થિત એક્વેરિયમના સ્ટ્રક્ચર સામે શંકા ઊભી થતાં વેકશનમાં એક્વેરિયમ બંધ રહેવાનું હોય દશેરામાં ઘોડું ના દોડે તેવી સ્થિતી ઊભી થઈ છે.

ઉપરાંત કરોડો રૂપિયાના ખર્ચે બનેલા એક્વેરિયમનું સ્ટ્રકચર માત્ર 11 વર્ષમાં ખખડી જતાં બાંધકામની ગુણવતા સામે પણ સવાલો ઊભા થયા હોય તપાસ થાય તો ઈજારદારો અને અધિકારીઓનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડે તેવી શકયતા છે. આખા વર્ષ દરમિયાન મનપાને જેટલી આવક નથી થતી તેટલી આવક માત્ર ઉનાળા અને દિવાળી વેકેશનમાં થાય છે. ત્યારે હાલમાં એક તરફ ઉનાળુ વેકેશનને ગણતરીનાં દિવસો બાકી રહ્યાં છે ત્યારે નબળાં સ્ટ્રક્ચરને ધ્યાનમાં લઈ રિપેરિંગ માટે

...અનુસંધાન પાના ૭ પર

### બે દિવસમાં શહેરના તાપમાનમાં ઉથલપાથલ

# એક દિવસમાં પાંચ ડિગ્રી વધ્યું તો બીજા દિવસે 3 ડિગ્રીનો ઘટાડો

**મહત્તમ** અને લઘુત્તમ તાપમાન ઘટીને 37 ડિગ્રી અને 24.1 ડિગ્રી નોંધાયું

સુરતઃ શહેરમાં આજે હીટવેવની આગાહી વચ્ચે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. બપોરે તાપમાન ત્રણ ડિગ્રી ગગડ્યું છતાં આકરી ગરમીનો અનુભવ શહેરીજનોએ રસ્તા ઉપર કર્યો હતો.

હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે શહેરમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. શહેરમાં આજે મહત્તમ તાપમાન ત્રણ ડિગ્રી ઘટીને 37 ડિગ્રી નોંધાયું જ્યારે લઘુત્તમ તાપમાન દોઢ ડિગ્રી જેટલું ઘટીને 24.1 ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ થોડું વધીને 41 ટકા રહ્યું. સાથે જ પ્રતિ કલાક 6 કિલોમીટરની ઝડપે દક્ષિણ-પશ્ચિમનો પવન ફૂંકાયો હતો. હવામાન વિભાગે આગામી દિવસોમાં તાપમાનનો પારો 40 ડિગ્રીને પાર પહોંચશે તેવી આગાહી કરી છે. ઉલ્લેખનીય છે કે, બંગાળની ખાડીની અંદર એક લો પ્રેશર સિસ્ટમ સક્રીય છે. રાજસ્થાન ઉપર તૈયાર થયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન પણ હવે ઉત્તર પૂર્વ તરફ ગતિ કરી રહ્યું છે. આ તમામ પરિબળોને કારણે ગુજરાતના હવામાનમાં પલટો જોવા મળ્યો હતો. પરંતુ હવે ફરી તાપમાનમાં વધારો થશે.

શહેરમાં સોમવારે તાપમાનમાં વધારા બાદ મંગળવારે 3 ડિગ્રીનો ઘટાડો થયો છે. જો કે હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી 72 કલાક દરમિયાન રાજયમાં ગરમીનો પારો 2થી 3 ડિગ્રી વધવાની સાથે 18મી એપ્રિલ સુધી ગરમી 41થી 44 ડિગ્રીની આસપાસ રહેશે.

### હત્યા કે આપઘાત? પોલીસ પણ અસમંજસમાં છે

# સોફ્ટવેર ઈજનેર તિક્ષ્ણ હથિયારના અનેક ઘા સાથે હોટલના ચોથા માળેથી પટકાયો અને મોતને ભેટ્યો

**ડુમસ** રોડ પર રહેતો સોફ્ટવેર ઈજનેર અક્ષત શાહ બેંગ્લોરની કંપનીમાં વર્ક ફ્રોમ હોમ કરતો હતો

**અક્ષત** બપોરે ઘરેથી ઓફિસ જવાનું કહીને નીકળ્યા બાદ વેસુની હોટલમાં પહોંચી ગયો હતો

**ઘાયલ** હાલતમાં નવી સિવિલ હોસ્પિ. લઈ જવાયો પણ ત્યાં સુધીમાં મોત થઈ ગયું





સુરતઃ વેસુની આગમ વિવાન્ટાની બિલ્ડિંગમાંમાં આવેલી હોટલ એલીગન્ટ ઈનના ચોથા માળેથી તિક્ષણ હથિયારોના ઘા સાથે આજે સાંજે સોફ્ટવેર ઇજનેર પટકાયો હતો. ઈજનેરને સારવાર માટે નવી સિવિલ હોસ્પિ.માં લઈ જવાયો હતો પરંતુ તે પહેલા તેનું મોત થયું હતું. મૃતકના શરીર પર તિક્ષણ હથિયારથી ઇજાના નિશાન હોવાથી આ ઘટના હત્યાની છે કે આત્મહત્યાની તે બાબતે પોલીસે સઘન તપાસ શરૂ કરી છે

પોલીસ પાસે મળતી માહિતી મુજબ, મૂળ મહેસાણા જિલ્લાના ઊંઝાના વતની અને હાલ ડુમસ રોડ પર આવેલા ઓડી કાર શો-રૂમ પાસેની વિરભદ્ર હાઇટ્સમાં ડી-1001માં 35 વર્ષીય અક્ષત મુકેશભાઈ શાહ પરિવાર સાથે રહેતા હતા. અક્ષતને સંતાનમાં દોઢ વર્ષનો પુત્ર છે. અને તેઓ બેંગ્લોરની ખાનગી કંપનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે છેલ્લા ત્રણ વર્ષથી વર્ક ફ્રોમ હોમ કરતા હતા. તેમના પિતા મુકેશભાઇ પણ ખાનગી કંપનીમાં

...અનુસંધાન પાના ૭ પર

## હોટલની બાજુની દુકાનમાંથી ચપ્પુ ખરીદ્યું હતું

કહે છે કે પોલીસે કરેલી તપાસમાં પ્રાથમિક એવી વિગતો બહાર આવી હતી કે, યુવક હોટેલમાં એકલો જ રોકાયો હતો. તેણે હોટેલમાં પત્નીના નામનો ફક્ત ઉલ્લેખ કર્યો હતો. તેની સાથે અન્ય કોઈ રોકાયું ન હતું. તેણે બાજુની દુકાનથી ધારદાર ચપ્પુ ખરીદ્યું હતું. જે બાદ જાતે જ પોતાના શરીર પર ઘા માર્યા હતા. તેણે શરીર પર ખૂબ ઉંડે ઘા માર્યા હતા અને બાદમાં ચોથા માળેથી કુદી પાડયો હતો. હાલ પોલીસે તેનું લેપટોપ મોબાઈલ જપ્ત કરી તપાસ શરૂ કરી છે.પોલીસે તેના મોબાઈલ ડેટા માટે CDR રિપોર્ટ મંગાવવાની પ્રક્રિયા હાથ ધરી છે.

## સ્યુસાઈડ નોટ મળી આવી, પણ આપઘાત જ છે કે કેમ તે ચોક્કસ નથી

આ મામલે ડીસીપી ગુર્જર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે,આ એક સ્યુસાઈડ લાગી રહ્યું છે. પોલીસનાં હાથે એક સ્યુસાઈડ નોટ પણ લાગી છે. જેમાં કોઈ ક્રાઈમ લાગતી કે કોઈને લીધે આ પગલું ભર્યું હોઈ તેવી માહિતી લખી નથી. આ નોટમાં પરિવાર પ્રત્યે ભાવ વ્યક્ત કરી લખાણ લખેલું છે. જેમાં 'સોરી, માય વાઈફી & બચ્ચા'નાં લખાણનો સમાવેશ છે.

## અક્ષતના શરીર પર ક્યાં ક્યાં ઈજાનાં નિશાન હતાં??

અક્ષતને ડાબા હાથ, ગળા અને બંને પગની જાંઘમાં તિક્ષણ હથિયારથી ઘા મર્યાના નિશાન મળી આવ્યા છે. તેમજ ચોથા માળેથી નીચે પટકાયેલા મળી આવ્યા હતા. અક્ષતે આત્મહત્યા કરી છે કે તેની હત્યા થઈ છે. તે જાણવા માટે નવી સિવિલ હોસ્પિટલમાં અક્ષતના મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

## હત્યા કે આપઘાત? પોલીસ સઘન તપાસ કરી રહી છેઃ વેસુ પીઆઈ જે.આઈ. પટેલ

પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં મૃતક અક્ષત બપોરે 1 કલાક અને 17 મિનિટે હોટેલમાં જતો સીસીટીવી ફૂટેજમાં કેદ થયો હોવાનું સામે આવ્યું છે. બનાવ સંદર્ભે વેસુ પોલીસ ઇન્સ્પેકટર જે.આઇ પટેલે જણાવ્યું હતું કે, અક્ષતે આત્મહત્યા કરી છે કે હત્યા, તે બાબત હજુ સ્પષ્ટતા થઈ શકી નથી. પરંતુ આ બનાવમાં હત્યાની આશંકા પણ સેવાઇ રહી છે. જેથી અમારી ટીમ દ્વારા એકદમ ઝીણવટ રીતે તપાસ કરવામાં આવી રહી છે. જલ્દી સમગ્ર હકીકત સામે આવે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે.

# કછોલીના ગેરકાયદે ચાલતા વોટર પાર્ક મામલે પોલીસ અને સુડાનો તપાસનો ધમધમાટ શરૂ

**બાંધકામની** મંજૂરી નથી, પોલીસની મંજૂરી નથી, હાઈટેન્શન લાઈન પણ જઈ રહી છે છતાં વોટર પાર્ક ચાલી રહ્યો છે તે મોટું આશ્ચર્ય



સુરતઃ બાંધકામની કોઈપણ પ્રકારની મંજૂરી વિના જ સચિન-પલસાણા હાઈવે પર કછોલી ખાતે ધમધમી રહેલા વોટર પાર્ક મામલે તપાસનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. સુડા દ્વારા આ અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. સાથે સાથે પોલીસ દ્વારા પણ તપાસ શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ વોટરપાર્કને સીલ લાગશે તેવું જાણવા મળી રહ્યું છે. બાંયધરીના નામે ચલાવવામાં આવી રહેલા આ વોટરપાર્કમાં નિયમોનો ઉલાળિયો કરવામાં આવ્યો છે ત્યારે આ વોટરપાર્કને બચાવવા માટે દોડી રહેલા અધિકારીઓ પણ ભેરવાશે તેવું જાણવા મળી રહ્યું છે.

કછોલીમાં ચાલી રહેલા આ વોટર પાર્કના મામલે સંચાલકો અને તેમના વચેટિયાઓ લોકોને ભરમાવી રહ્યા છે કે અમે સ્ટ્રકચર રિપોર્ટ મેળવ્યો છે પરંતુ હકીકત એ છે કે બાંધકામ કરવામાં આવ્યું હોય તો તેની મંજૂરી લેવી જ પડે. સુડામાં આ વોટરપાર્કની કે તેના બાંધકામની કોઈ જ નોંધ નથી. જો બાંધકામનો પ્લાન મંજૂર કરાવવો હોય તો 40 ટકા જગ્યા કપાત આપવી પડે. આ કપાત જમીન માલિકે આપવી પડે, જ્યારે વોટરપાર્કના સંચાલકો અલગ છે. જમીન માલિક જગ્યા કપાતમાં આપવા તૈયાર નથી. જેથી આ વોટર પાર્કનો પ્લાન કોઈપણ સંજોગોમાં મંજૂર થઈ શકે તેમ નથી. આ વોટર પાર્ક માટે કોઈપણ પ્રકારની મંજૂરીઓ જ નથી. હાઈટેન્શન લાઈન પણ જતી હોવાથી ગમે ત્યારે મોટી હોનારતનો ખતરો રહેલો છે. આ મામલે સુડાના ઈન્ચાર્જ સીઈઓ અને સુરત મનપાના ડે.કમિ. નિધી સિવાચે તપાસ માટેના આદેશો આપી દીધા છે. બીજી તરફ આ મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પણ સક્રિયતા બતાવી તપાસ શરૂ કરાવી છે. જેને પગલે આગામી દિવસોમાં આ વોટરપાર્કનો 'ભાંડો' ફુટશે તે નક્કી છે.

## વોટર પાર્કના પાણીથી ચામડીના રોગ થતા હોવાની ફરિયાદ, જિ.પં.નું આરોગ્ય તંત્ર તપાસ કરે તે જરૂરી

કછોલીના આ વોટરપાર્કમાં સંચાલકો દ્વારા પાણી પણ દિવસો સુધી બદલવામાં આવતું નથી. જેને કારણે સ્થાનિકોને આંખોમાં બળતરાની સાથે ચામડીના રોગો પણ થઈ રહ્યા હોવાની ફરિયાદો સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહી છે. આ વોટરપાર્કના પાણી મામલે પણ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

# મહારાષ્ટ્ર સરકારે ઈ-વ્હિકલને રોડ ટેક્સમાં રાહત આપતાં વેચાણ વધ્યું, ગુજરાતમાં ઘટ્યું

**ગુજરાતના** બજેટમાં ઈ-વ્હિકલ માટે RTO કર 6 % થી ઘટાડી 1% કરવાની જાહેરાતનો અમલ થતો નથી

સુરત : મહારાષ્ટ્ર સરકારે ઇ વ્હિકલને રોડ ટેક્સમાં રાહત આપતા, બેટરી સંચાલિત વાહનોનું વેચાણ વધ્યું છે અને ગુજરાતમાં ઘટાડો થયો હોવાનો રિપોર્ટ ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીએ આપ્યો છે. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૧૪મી એપ્રિલ ૨૦૨૫ના રોજ ગુજરાત રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ તાજેતરમાં બજેટ ૨૦૨૫-૨૬ માં બેટરી સંચાલિત વાહનો માટે RTO કર ૬% માંથી ઘટાડી ૧% કરવાની જાહેરાત કરી હતી. આ અંગે તાત્કાલિક અમલ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે.

આ સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, હાલમાં ઈલેક્ટ્રિકલ વ્હીકલની ખરીદીમાં ગત વર્ષો કરતાં ઘટાડો નોંધાઈ રહ્યો છે, ત્યારે સરકારની RTO કર ઘટાડા સંબંધિત જાહેરાતની વહેલી તકે અમલવારી કરવામાં આવે તો આગામી સમયમાં પુનઃ ઈલેક્ટ્રિકલ વ્હીકલની ખરીદીમાં વૃદ્ધિ થઈ શકે છે. બેટરી સંચાલિત વાહનો માટે RTO કર ૬% માંથી ઘટાડી ૧% કરવાથી રાજ્યના ઈલેક્ટ્રિકલ વાહનોના ખરીદદારોનો નોંધપાત્ર ખર્ચ બચશે અને રાજ્યમાં ઈલેક્ટ્રિકલ વાહનોના વેચાણને પ્રોત્સાહન મળી રહેશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ યોજના તા. ૦૧ એપ્રિલ ૨૦૨૫થી અમલમાં મૂકવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ હાલ સુધી યોજનાની અમલવારી અંગેનો જીઆર બહાર પડેલો નથી. તેથી રાજ્ય સરકાર દ્વારા વહેલી તકે જીઆર બહાર પાડી, યોજનાની અમલવારી શરૂ થાય તેવી તેમણે અપીલ કરી હતી. રાજ્ય સરકારે બજેટ ૨૦૨૫-૨૬ માં બેટરી સંચાલિત વાહનો માટે RTO કર ૬% માંથી ઘટાડી ૧% કરવાની જાહેરાત કરી હતી, પણ નોટિફિકેશન પ્રસિદ્ધ નહીં થતા વાહનવ્યવહાર વિભાગે રાજ્યના નાણાં વિભાગને અમલવારી કરવા માટે ફંડ ફાળવવા માંગ કરી છે. આ યોજના તા. ૦૧ એપ્રિલ ૨૦૨૫ થી અમલમાં મૂકવાની જાહેરાત કરવામાં આવી છે. પણ અમલવારી અંગેનો જીઆર બહાર નહીં પડતા ગુજરાતમાં બેટરી સંચાલિત વાહનોના વેચાણને બ્રેક લાગી છે.

# નશેડીએ કિશોરની કરેલી હત્યામાં બીજે દિવસે પણ પોલીસ મથકે હલ્લાબોલ

**બીજા** દિવસે પણ ન્યાયની માંગ સાથે લોકોનો પોલીસમથકે ઘેરાવ

**દારૂના** અડ્ડા બંધ કરાવવા માંગ કરી રહેલી મહિલાઓની પોલીસ સાથે ઝપાઝપી



મૃતક



આરોપી



સુરતઃ કાપોદ્રામાં રત્નકલાકાર તરીકે કામ કરીને પોતાના પરિવારને આર્થિક રીતે મદદ કરતા એક 17 વર્ષીય સગીર અને ચાર બહેનોના એકના એક ભાઈની 14 એપ્રિલે સાંજે એક નશેડીએ રસ્તા પર ચપ્પુના ઘા મારીને હત્યા કરી હતી. વાત માત્ર એટલી હતી કે નશેડીએ નશો કરવા મૃતક સગીર પાસે પૈસા માંગ્યા હતા, પરંતુ તેની પાસે માત્ર 10 રૂપિયા જ હોવાથી આપવાનો ઈન્કાર કર્યો હતો. જેથી સગીરને ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી. હત્યાના પગલે ઉશ્કેરાયેલા સમાજના લોકોએ કાપોદ્રા પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો. જો કે, ન્યાયની માંગણી સાથે રાત્રિ બાદ મંગળવારે સવારે પણ સમાજના લોકોએ દેખાવો કર્યા હતા. ત્યારબાદ પોલીસે ઝડપી ન્યાયની બાંયધરી આપતાં મામલો શાંત પડ્યો હતો.

સુરતના કાપોદ્રામાં નશો કરવા માટે રૂપિયા આપવાની ના પાડતાં 17 વર્ષીય સગીરની ચપ્પુના ઘા મારી હત્યા કરી દેવામાં આવતાં સ્થાનિક સમાજમાં આક્રોશનો માહોલ જોવા

...અનુસંધાન પાના ૭ પર

## દારૂના અડ્ડા સામે કાર્યવાહી કરાશેઃ ડીસીપી

ડીસીપી અલોક કુમારે જણાવ્યું હતું કે, કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સોમવારે સાંજે આરોપી અને પીડિત એકબીજા સાથે ટકરાયા હતા. આરોપીએ મૃતક પાસે પૈસા માગ્યા હતા, પરંતુ પૈસા આપવાનો ઇનકાર કરતાં આરોપીએ તેને ચાકુ મારી હત્યા કરી હતી. પોલીસે આરોપી પ્રભુ રવિરામ શેટ્ટી (રહે., લક્ષ્મણનગર સોસાયટી, કાપોદ્રા)ને ઝડપી લીધો હતો. વધુ તપાસમાં જાણવા મળ્યું કે, આ કેસમાં એક ચાકુ આપનારો પણ આરોપી છે. જેથી તેને પણ ઝડપી લીધો છે. પરિવારની

...અનુસંધાન પાના ૭ પર

## 18 પોલીસકર્મી અને ઉચ્ચ અધિકારીઓની SITની રચના કરાઈ

આ મામલે કાપોદ્રા પીઆઈએ વધુમાં જણાવ્યું હતું કે, આ આરોપીને મંગળવારે કોર્ટમાં રજૂ કરતાં 3 દિવસનાં રિમાન્ડ મંજૂર થયાં છે. હાલ આ મામલે એક SITની રચના કરવામાં આવી છે. જે ટીમમાં ઉચ્ચ અધિકારીઓ સહિત 18 પોલીસકર્મીઓની નિમણૂક કરવામાં આવી છે. એફએસએલ અને ઇ સાક્ષીમાં પંચનામું રેકોર્ડ કરવા સહિતની કાર્યવાહી કરશે.


દ્વિતીય પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



હજુ જોઈતો હતો સંગાથ તમારો, તમે અમારા થી દૂર થઈ ગયા.
જગતની દરેક સમૃધ્ધિ મળશે,
પરંતુ કલ્પવૃક્ષ જેવી આપની છાંયા કયાંય નહીં મળે,
જન્મો જન્મ મળો તમે અમને અંતઃકરણની એ જ અભિલાષા.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે.

સ્વ. કાંતિભાઈ બાબરભાઈ પટેલ
સ્વ. તા.૧૬.૦૪.૨૦૨૩

લિ. ગ. સ્વ. લીલાબેન કાંતિભાઈ પટેલ
અનિલભાઈ કાંતિભાઈ પટેલ — સંજયભાઈ કાંતિભાઈ પટેલ
પિન્કીબેન અનિલભાઈ પટેલ — રિન્કુબેન સંજયભાઈ પટેલ
રાની – માર્ટિન, રૂત્વી, સાક્ષી, વંશ, રેહાન
તથા સમસ્ત પરિવાર.
નિવાસસ્થાનઃ ગીતાંજલી સ્ટ્રીટ, આભવા ગામ, સુરત.

સુરતી મોઢવણીક અવસાન



સ્વ. જગદીશચંદ્ર રતિલાલ દલાલ
જ. તા. ૧૪/૦૧/૧૯૫૬ - સ્વ. તા. ૧૫/૦૪/૨૦૨૫ ચૈત્ર વદ ત્રીજ
અમારા પિતાશ્રી/ભાઇશ્રીનું શ્રી જગદીશચંદ્ર રતિલાલ દલાલનું દુઃખદ અવસાન તા. ૧૫/૦૪/૨૦૨૫ ના રોજ થયેલ છે. સદ્દગતની સ્મશાનયાત્રા ૧૬/૦૪/૨૦૨૫ બુધવારના રોજ અમારા નિવાસસ્થાનથી સવારે ૯.૦૦ કલાકે નીકળી જહાંગીરપુરા સ્મશાન ભૂમી જશે. સદ્દગતની પ્રાર્થના સભા તા. ૧૬/૦૪/૨૦૨૫ બુધવારના સાંજે ૪.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.
લિ.
સ્વ.હેમંતકુમાર રતીલાલ દલાલ — સ્વ.જયશ્રીબેન હેમંતકુમાર દલાલ
સિધ્ધાર્થ જગદીશચંદ્ર દલાલ — ઉર્વશી સિધ્ધાર્થ દલાલ
પ્રમોદકુમાર રતીલાલ દલાલ — કલ્પના પ્રમોદકુમાર દલાલ
ઉમેશ બેચરદાસ મર્ચન્ટ — નયનાબેન ઉમેશ મર્ચન્ટ
આશીષકુમાર બકુલેશ ભજીયાવાલા — વૈશાલી આશીષકુમાર ભજીયાવાલા
મેહાન સિધ્ધાર્થ દલાલ
કુમારી મહેક આશીષકુમાર
તથા સમગ્ર દલાલ પરિવાર
નિવાસસ્થાનઃ F-104 સમસ્ત સાગર એપાર્ટમેન્ટ પાલનપુર જકાતનાકા, સુરત-૩૯૫૦૦૯

પ્રથમ પુણ્યતિથિએ હાર્દિક ॥ શ્રદ્ધાંજલિ ॥



તમે સદેહ અમારી વચ્ચે નથી,
પરંતુ તમે અમારી યાદોમાં હંમેશા જીવિત રહેશો, આજે ભલે તમારી હયાતી નથી પરંતુ તમારા કાર્યોની સુવાસ અને દીર્ઘદ્રષ્ટિ સાક્ષાત અમારી સાથે જ છે. સુખથી કદી છલકાયા નહી, દુઃખથી કદી ડગ્યા નહી, વ્યવહાર કદી કોઈ ચૂકયા નહી, ધર્મ કદી ભૂલ્યા નહી, જીવનમાં હરપળ હસતા રહ્યાં, જીવનમાં પરિશ્રમના દિવસો વિતાવી પરિવારને સમૃધ્ધ બનાવી પરિવારથી વિખૂટા પડી અનંતયાત્રાએ ચાલ્યા ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. નટવરભાઈ છગનભાઈ ભંડારી
સ્વ.તા.૧૬/૦૪/૨૦૨૪
લિ.
ગં.સ્વ.ભારતીબેન નટવરભાઈ ભંડારી (પત્ની)
ઉમેશભાઈ નટવરભાઈ (પુત્ર) — વૈશાલીબેન ઉમેશભાઈ (પુત્રવધુ)
રીનાબેન જગદીશભાઈ (પુત્રી) — જગદીશભાઈ એસ. પટેલ (જમાઈ)
વર્ષાબેન કમલેશભાઈ (પુત્રી) — કમલેશભાઈ બી. ભંડારી (જમાઈ)
સાગર, નિતિક્ષા, જેન્સી તથા સમસ્ત N.C. પરિવાર

ભાવભરી શ્રદ્ધાંજલી



સંસ્થાના સેક્રેટરી સ્વ. શ્રી, નરેશચંદ્ર રતીલાલ પટેલ

''ધી સુરત વિવર્સ કો–ઓપ. પ્રોડ. સોસાયટી લીમીટેડ'' સંસ્થાના સેક્રેટરી શ્રી, નરેશભાઈ રતીલાલ પટેલનું ૭૦ વર્ષની વયે ચૈત્ર સુદ પૂનમને તારીખ : ૧૨, એપ્રીલ, ૨૦૨૫ ને શનિવારના રોજ દુઃખદ અણધાર્યું અવસાન થયું છે, સંસ્થાના એક સાચા સેવક એવા શ્રી સેક્રેટરીનુ પદ સંભાળતા એવા નિડર નિષ્ઠાવાન અને સાચા પ્રહરી પ્રમાણીકતાના પ્રતિક સમા એવા સ્વ. શ્રી નરેશભાઈ ની અચાનક આ ફાની દુનિયા છોડી વિદાય લેતા અમો સર્વે પ્રમુખ શ્રી, ઉપપ્રમુખ શ્રી, કમીટી મેમ્બર્સ અને કર્મચારી ગણ સર્વે ખૂબ જ દુઃખની લાગણી અનુભવીએ છીએ.
આપનો સરળ અને નિખાલસ મિલનસાર સ્વભાવ સંસ્થાના તેમજ સમાજના સેવાકિય જીવન માટે દરેકને સદ્ઉપયોગી બની રહેશે. દરેક કાર્ય માટે ઝઝુમતા આપનું જીવન અમારા માટે ખૂબ જ પ્રેરણાદાયી બની રહ્યુ છે. સર્વે જીવનકાળ દરમ્યાન દરેક કાર્ય માટે હંમેશા તૈયાર રહેતા એવા સ્વ. શ્રી નરેશભાઈને અમારા સહુની શ્રદ્ધાંજલી પુષ્પ અર્પણ કરીએ છીએ.
''ધી સુરત વિવર્સ કો–ઓપ. પ્રોડ. સોસાયટી લીમીટેડ''
સંસ્થાના પ્રમુખ શ્રી, ઉપપ્રમુખ શ્રી,
કમીટી મેમ્બર્સ અને કર્મચારી ગણ ના હરિ ૐ

॥ જય શ્રી સ્વામિનારાયણ ॥
બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા પૂજ્ય પિતાશ્રી/નાનાભાઈ શ્રી અનિલભાઈ અમૃતલાલ પારેખ નું. ૧૪.૦૪.૨૦૨૫ ના રોજ અક્ષરનિવાસી થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૧૭.૦૪.૨૦૨૫, ગુરૂવારના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાકે નીચે ના સરનામે રાખેલ છે.
બેસણાંનું સ્થળ : દેસાઈ વાડી, કતારગામ બસ સ્ટોપ પાસે, કતારગામ, સુરત.
અનિલભાઈ અમૃતલાલ પારેખ
સ્વ. તા. ૧૪-૦૪-૨૦૨૫
લિ.
પ્રમોદભાઈ અમૃતલાલ પારેખ (ભાઈ)
સ્વ. ભુપતભાઈ અમૃતલાલ પારેખ (ભાઈ)
મોહિત અનિલભાઈ પારેખ (પુત્ર) - મો. ૯૯૨૫૩ ૪૯૩૫૪

અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



નથી હયાત પરંતુ સાથે જ છો તેવું હંમેશા લાગ્યા કરે છે,
હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરે છે.
ક્યારેક કહેવાયેલા તમારા સત્સંગના ભણકારા
સંભળાયા જ કરે છે અને યાદોમાં તમારા દર્શન થયા જ કરે છે.
પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..
સ્વ. જશવંતભાઈ નારણભાઈ પટેલ
સ્વ.તા.૧૬/૦૪/૨૦૨૧
લિ.
શ્રી ધનજીભાઈ છીમકાભાઈ પટેલ
શ્રી મહેન્દ્રભાઈ ધનજીભાઈ પટેલ
શ્રી દીનેશભાઈ ધનજીભાઈ પટેલ
શ્રી મનોજભાઈ ધનજીભાઈ પટેલ
SUNNY SPORTS દીપલી ગામ

ચોથી પૂણ્યતિથિએ અશ્રુભીની ''શ્રદ્ધાંજલિ''



પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેમની શક્તિ હતી.
પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું, પરમાર્થ જેમની ભક્તિ હતી.
કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે.
આપનો પ્રેમાળ સ્વભાવ અને આપનું વ્યક્તિત્વ
અમારા માટે પ્રેરણાદાયક રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
સ્વ. જશવંતભાઈ નારણભાઈ પટેલ
સ્વર્ગવાસ તા. ૧૬/૦૪/૨૦૨૧
લિ.
શ્રી જયેશભાઈ જશવંતભાઈ પટેલ
શ્રી કલ્પેશભાઈ જશવંતભાઈ પટેલ
શ્રી વૈશાલીબેન જયેશભાઈ પટેલ
શ્રી બોનીક્ષા કલ્પેશભાઈ પટેલ
જાનવી, પેરીસ, લવ્હા, ફીઆન

પ્રથમ માસિક પૂણ્યતિથિએ ...ભાવભીની શ્રદ્ધાંજલિ ...



અમારા પૂજ્ય પિતાશ્રી ધરણેન્દ્રભાઈ અમૃતલાલ શાહ (કઠોર) નું દુઃખદ અવસાન તા. ૧૪.૦૩.૨૦૨૫ના રોજ થયું છે. પ્રભુ સદ્દગતનાં આત્માને સદ્દગતી આપે અને પરંપરાએ મોક્ષ આપે એજ અભ્યર્થના....
:: શોકાતુર ::
વિજયકુમાર ધરણેન્દ્રભાઈ શાહ
અજીતકુમાર ધરણેન્દ્રભાઈ શાહ
હર્ષિત – નિશિત – સમકિત
:: ફર્મ ::
વિજય ગારમેન્ટ્સ – વિજય NX ફુટવેર
તાલુકા પંચાયતની સામે, કામરેજ ચાર રસ્તા, સુરત.
સ્વ. ધરણેન્દ્રભાઈ અમૃતલાલ શાહ
સ્વ. તા. ૧૪.૦૩.૨૦૨૫